647510 **23MA01GujC101x** **Seat No :________**

# M.A. (GUJARATI) Semester - 1 (*CBCS*) Examination
# OCT/NOV-2025 (AS PER SYLLABUS YEAR JUNE-2023)
# Bhasha Sahitya Kaushal (Core (New-23))

**Time: 2:30 Hours** **Marks:70**

**Instructions:**
1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ નીચેના કાવ્યનો આસ્વાદ કરાવો. (૧૪)

ફંફોસ્યું સૌ ફરીફરી અને હાથ લાગ્યુંય ખાસ્સું :
જૂનું ઝાડું, ટૂથબ્રશ, વળી લકસ સાબુની ગોટી,
બોખી શીશી, ટિનનું ડબલું, બાલદી ફૂખકાણી,
તૂટયાં ચશ્મા, કિલપ, બટન ને ટાંકણી સોય-દોરો !
લીધું દ્વારે નિત લટકતું નામનું પાટિયું, જે
મૂકી ઊંધું સુપરત કરી, લારી કીધી વિદાય.
ઊભાં છેલ્લી નજર ભરીને જોઈ લેવા જ ભૂમિ,
જ્યાં વિતાવ્યો પ્રથમ દશકો મુગ્ધ દામ્પત્ય કેરો;
જ્યાં દેવોના પરમ વર શો પુત્ર પામ્યાં પનોતો
ને જ્યાંથી રે કઠણ હૃદયે અગ્નિને અંક સોંપ્યો !
કોલેથી જે નીકળી સહસા ઊઠતો બોલી જાણે :
‘બા-બાપુ ! ના કશુંય ભૂલિયાં, એક ભૂલ્યાં મને કે ?’
ખૂંચી તીણી સજલ શૃંગમાં કાચ કેરી કણિકા !
ઉપાડેલાં ડગ ઉપર શા લોહ કેરા મણીકા !

- બાલમુકુન્દ દવે

**અથવા**

પ્રશ્ન-૧ નીચેના કાવ્યનો આસ્વાદ કરવો.

આજ ! મહારાજ ! જલ પર ઉદય જોઈને
ચંદ્રનો હૃદયમાં હર્ષ જામે,
સ્નેહધન, કુસુમવન વિમલ પરિમલ ગહન,
નિજ ગગનમાંહિ ઉત્કર્ષ પામે;
પિતા ! કાલના સર્વ સંતાપ શામે !
નવલ રસ ધવલ તવ નેત્ર સામે !
પિતા ! કાલના સર્વ સંતાપ શામે !
જલધિજલદલ ઉપર દામિની દમકતી,
યામિની વ્યોમસર માંહિં સરતી;
કામિની કોકિલા, કેલિ કૂજન કરે,
સાગરે ભાસતી ભવ્ય ભરતી;
પિતા ! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી !
તરલ તરણી સમી સરલ તરતી,
પિતા ! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી !

કાન્ત

પ્રશ્ન-૨ નીચેના ગદ્યખંડનું સારાંશ લેખન કરો. (૧૪)

કૃતિમાં તમારા વ્યક્તિત્વની છાપ જેમ ઓછી રહે એમ તમારી કલા વધારે વિજયી. ક્ષણિક પ્રસંગ ભલે આલેખો, તુચ્છ મનાતા વિષય પર પણ ભલે લખો, પરંતુ પેલું ખાબોચિયું ગગનનું પ્રતિબિંબ બની રહે છે, એ જ કલ્પના કીમિયાનો ખરો આદર્શ છે. તુચ્છ, લઘુ, ક્ષણિક કે સવાક્ષણિકના નિરૂપણમાં, અનંતતા અને અજબતા સાથે જુએ—બતાવે તે જ કલ્પનાનેત્ર. ક્ષરને અક્ષર કરે, અણુને મહાન કરે, આ કાને પેસી બીજે કાને નીકળી જવાની પ્રકૃતિવાળાં શબ્દઝૂમખાંને મગજમાં ચોંટાડી દે, સ્વપ્નામાં પણ તેનું રટણ કરાવે, તે જ કલાનો વિજય અને કવિતાની સિદ્ધિ. નવું સંગીન અને બિનંગત, બિનંગત સંગીન અને નવું ઉપજાવે તે તે સાહજિક સૌન્દર્યસેવક જ કવિ.

- બળવંતરાય ઠાકોર

**અથવા**

પ્રશ્ન-૨ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. 14

જીવનનો એકાદ ખંડ નાનો હોય કે મોટો, ઘટના સામાન્ય હોય કે અસામાન્ય, પણ એ જેવી હોય તેવે સ્વરૂપે કદી આલેખી શકાય જ નહીં. લેખકને પોતાની દૃષ્ટિએ જોતાં એ જેવી લાગે તે સ્વરૂપે જ આલેખી શકાય. વાસ્તવદર્શી લેખક પણ જીવનને એના સ્વકીય દૃષ્ટિબિંદુથી જોતો હોય છે અને આપણે પણ જીવનને એના દૃષ્ટિબિંદુથી જોઈ શકીએ એ રીતે આલેખતો હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો, કલાકાર વાસ્તવદર્શી હોય કે આદર્શલક્ષી, પણ જીવનને એના Perspectiveમાં ગોઠવી આપતો હોય છે, અને એ જીવન વિશેની પોતાની સમજણને વ્યંજિત કરતો હોય છે. કલાનો પ્રાણ વ્યંજના છે એમ આ માટે કહેવાય છે. જીવન કઈ રીતે જોવા, સમજવા જેવું છે એ કલાકાર નિબંધ લખી કે વિવરણ કરીને બતાવતો હોતો નથી; ખુદ જીવનનું પોતાનું આલેખન કરીને સૂચવતો હોય છે. કલાકાર તટસ્થ હોય એ ખરું, પણ તટ પર એ અમુક બિંદુએ જ ઊભો રહેતો હોય છે. અને ત્યાંથી દેખાતા હોય તેટલા અને તેવા જીવનના પ્રવાહનું નિરીક્ષણ કરતો હોય છે એ ખરું, પણ એ સૌ દૃષ્ટિબિંદુઓની અંતિમ વ્યવસ્થા એ પોતાના દૃષ્ટિબિંદુ પ્રમાણે જ કરતો હોય છે. કોઈ પણ લેખક, મોટો હોય કે નાનો, પ્રતિભા સંપન્ન હોય કે રંક, પણ આ જ કરતો હોય છે, આ જ કરી શકતો હોય છે.

- મનસુખલાલ ઝવેરી

પ્રશ્ન-૩ અલંકારની સંજ્ઞા સ્પષ્ટ કરી, તેનો અર્થમહિમા સમજાવી, તેના પ્રકારોની વિગતે છણાવટ કરો. (૧૪)

**અથવા**

પ્રશ્ન-૩ છંદનું સ્વરૂપ અને તેનાં પ્રકારો જણાવી, મંદાક્રાન્તા અને મનહર છંદોનું બંધારણ સદ્રષ્ટાંત સમજાવો.

પ્રશ્ન-૪ પ્રુફવાંચનના ત્રણ તબક્કા વર્ણવો. (૧૪)

**અથવા**

પ્રશ્ન-૪ શબ્દાલંકાર અને અર્થાલંકારની સદ્રષ્ટાંત વિગતે ચર્ચા કરો.

પ્રશ્ન-૫ નીચેનામાંથી **કોઈપણ બે** ટૂંક નોંધ લખો. (૧૪)

1) જોડણીનાં મહત્ત્વનાં નિયમો જણાવો.
2) શિખરણી, પૃથ્વી અને અનુષ્ટુપ છંદ સદ્રષ્ટાંત સમજાવો.
3) રૂપક અને વર્ણાનુપ્રાસ અલંકાર સદ્રષ્ટાંત સમજાવો.
4) કાવ્ય નિર્માણનાં મહત્ત્વના ઓજાર તરીકે છંદની મહત્તા.

************************